**<u>ફોજદારી કેસ નંબર–૩૯૪/૨૦૨૪ ના કામે આંક–૧ ની નીચે હુકમ :</u>**

સદર કામનુ રેકર્ડ ધ્યાને લીધુ. સદર કામ નેગો. કાયદા અન્વયે નોંધાયેલ છે. સદર કામે ફરીયાદીએ ફરીયાદ દાખલ કરતા મારી અગાઉના ન્યાયાધિશ સાહેબનાઓએ કેસ રજીસ્ટરે લઈ આરોપીને સમન્સ કાઢવાનો હુકમ કરેલ.

ત્યારબાદ આરોપીને કાઢવામાં આવેલ પ્રોસેસ રજી.એ.ડી. થી મોકલતા તેનુ કવર લેફ્ટના શેરા સાથે વગર બજે પરત આવેલ. તે બાદ ફરીયાદપક્ષ તરફથી આરોપીનુ સરનામુ રજુ કરવા માટે મુદત અરજીઓ આપવામાં આવેલ પરંતુ તેઓ તર્ફે આરોપીનુ નવુ સરનામુ રજુ કરવામાં આવેલ નહી.

ત્યારબાદ ફરીયાદીને નોટીસ કરતા જે નોટીસ ફરીયાદીને બજી ગયેલ છે. તેમ છતા ફરીયાદપક્ષ તરફથી આરોપીનુ નવુ સરનામુ રજુ કરેલ નથી કે સદર કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવા માટે કોઇ તજવીજ કરવામાં આવેલ નથી.

ફરીયાદીએ સદર ફરીયાદ નેગો. કાયદા અન્વયે કરેલી છે. સદર કાયદાનો ઉદ્રેશ તેમા જણાવેલ સમયમર્યાદા ધ્યાને લેતા સદર કામ નિયત સમયમાં પૂર્ણ કરવાનુ હોય છે. હાલની પ્રર્વતમાન કોર્ટની કેસ કાર્યવાહી અંગેની સી.આઇ.એસ.ની રચના પ્રમાણે દરેક પક્ષકારને તેમજ વકીલ શ્રીઓને પોતાના કેસની માહિતી ઈલેકટોનીકસ માધ્યમ દ્વારા ત્વરીત મળતી હોય છે અને દરેક પક્ષકાર પોતાના કેસની કાર્યવાહીથી માહિતગાર થતો રહે છે. સદર કામ આરોપીના સરનામાં માટે લાંબા સમયથી ચાલી આવે છે અને સદર કામમાં ફરીયાદી અત્રેની અદાલતમાં હાજર રહેલ નથી કે સદર કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવેલ નથી. જે તમામ હકીકતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

સદર ફરીયાદ ફરીયાદીની ગેરહાજરીનાં કારણે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ–૧૩ મી માહે–માર્ચ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ભાવનગર.
તારીખ–૧૩/૦૩/૨૦૨૬

(જે. પી. પ્રજાપતિ)
સ્પે. જજ (નેગો. કાયદા)
બીજા એડીશ્નલ ચીફ જયુડીશિયલ મેજી.,
ભાવનગર.